# સેક્ટર-૨૧ શાકમાર્કેટમાં લટકતું જોખમી વાયરોનું મધ

## ઉનાળાની ગરમીમાં શોર્ટ - સર્કિટથી માર્કેટ ભસ્મીભૂત થઈ શકે છે : અધિકારીઓ રાઉન્ડમાં આવે છે પરંતુ જોખમ દેખાતું નથી : રાજેન્દ્રસિંહ ચાવડા

ગાંધીનગર, તા. ૨૪

સેક્ટર-૨૧ શાકમાર્કેટ કંપાઉન્ડમાં જોખમી વીજળીના તારના ઝૂમખા મોટી જાનહાનીને આમંત્રણ આપી રહ્યા છે. ઉનાળામાં ગરમીના પ્રકોપમાં જો વાયરોમાં શોર્ટ સર્કિટ થાય તો આખુ શાકમાર્કેટ ભસ્મીભૂત થઇ શકે છે. તંત્રના અધિકારીઓ અનેક વખત આ ચિત્રને જોઇ ચૂક્યા છે છતાં પણ આખી ફિલ્મ બને તેની રાહ જોઇ રહ્યા હોય તેવો આક્ષેપ કોંગ્રેસના રાજેન્દ્રસિંહ ચાવડાએ કર્યો છે.


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

શહેરના સેક્ટર-૨૧ શાકમાર્કેટમાં શહેર ઉપરાંત જિલ્લાના મોટા ભાગના લોકો ખરીદી કરવા આવતા હોય છે. દિવસ હોય કે સાંજનો સમય અહિયાં હંમેશા ભીડ જોવા મળતી હોય છે. નાગરિકોના સતત અવર-જવરવાળા વિસ્તારમાં ઇલેક્ટ્રીકના વાયરો ભોગ લેવા લબડી રહ્યા છે. પરંતુ સત્તાધિકારીઓના આંખે દેખાતા નથી.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ ઝોન-૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડાએ આક્ષેપ કર્યો છે કે સરકારી અધિકારીઓ ઉપરાંત તંત્રના અધિકારીઓ અઠવાડિયામાં બે વાર અહિયાં રાઉન્ડમાં આવે છે છતાં પણ તેમની આંખે આ જોખમી વાયરો દેખાતા નથી. આગ ઓકતી ગરમીમાં તેમજ આગામી સમયમાં જ્યારે ચોમાસુ શરૂ થશે ત્યારે મોટી જાનહાની થવાની શંકા વ્યક્ત કરી છે.

શાકમાર્કેટમાં મોટા ભાગની દુકાનો એકબીજા સાથે જોડાયેલી છે. અંદરની જગ્યા પમ સાંકડી છે. જો કોઇ શોર્ટ સર્કિટ થાય તો શાકમાર્કેટ બળીને ભસ્મીભૂત થઇ શકે છે. તંત્ર હંમેશા આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે છે. પરંતુ જો પાણી પહેલા પાળ બાધે તો સેક્ટર-૨૧માં મોટા જોખમથી બચાવી શકાય છે.

વધુમાં જણાવ્યું છે કે સરકાર ફક્ત વિકાસની વાતો કરે છે. પરંતુ દેખાતું જોખમ દૂર કરવાનું વિચારી શકતી નથી. છુટા વાયરોને વ્યવસ્થિત રીતે કંસીલ્ડ કરી યોગ્ય કરવા માંગ કરી છે.

# વિજ જોડાણ આપવા અધિકારી અને વાયરમેને ૮ હજારની લાંચ માંગી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક લેકાવાડા ખાતે રહેતાં મકાન માલીકે ઈજીવીસીએલમાં વિજ જોડાણ લેવા માટે અરજી કરી હતી. ઈજીવીસીએલના અધિકારીના વચેટીયા વાયરમેને રૂ. ૮ હજારની લાંચની માંગણી કરી હતી. જે અંગે ટેલીફોનીક વાતચીત કરતાં વાયરમેને તેના સાહેબ સાથે અરજદારને વાત કરાવી હતી ત્યારે સાહેબે કહ્યું કે વાયરમેન કહે છે તે પ્રમાણે ‘વ્યવહાર’ કરી દેજો..! આ વાતચીતનું રેકોર્ડીંગ કરીને એસીબીમાં ફરીયાદ કરતાં એસીબીએ ટ્રેપ ગોઠવી હતી જો કે શંકા જતાં તેમણે લાંચ સ્વિકારી ન હતી. એસીબી રેકોર્ડીંગને આધારે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ લેકાવાડા ખાતે રહેતા ક્રિશ્નાજી ઊર્ફે કિશનસિંહ લક્ષ્મણજી વાઘેલાએ તેમના મકાનમાં વિજ જોડાણ લેવા યુજીવીસીએલમાં અરજી કરતાં વાયરમેન દવેએ વિજ જોડાણ માટે ૨૦ તારીખે લાંચ માંગી હતી. વાયરમેને કહ્યું કે મારા ૩ હજાર અને સાહેબના (અધિકારી ઓઝા) ૫ હજાર મળી ૮ હજાર આપવા પડશે. આ વાતચીતના રેકોર્ડીંગ ઉપરાંત કિસનસિંહે અધિકારી સાથે વાયરમેનના મોબાઈલમાં જ વાત કરી તે વાતચીત પણ રેકોર્ડ કરી લીધી હતી. જેમાં અધિકારી ઓઝા સ્પષ્ટ બોલ્યા હતા કે ‘વાયરમેન કહે છે તે પ્રમાણે વ્યવહાર કરી દેજો’ રેકોર્ડીંગ લઈને એસીબીમાં ફરીયાદ કરતાં પી.આઈ. પટેલે આલમપુર બસ સ્ટેન્ડ પાસે ટ્રેપ ગોઠવી રૂપિયા લેવા બોલાવ્યા હતા. જો કે લાંચીયા કર્મચારીને શંકા જતાં તેણે લાંચ નહી લેવી હોવાનું કહી દિવાળીએ સમજીને ખુશ થઈને જે મોકલવુ હોય તે મોકલી દેજે તેમ કહી દીધુ હતુ. એસીબીએ રેકોર્ડીંગને આધારે લાંચ માંગનાર વાયરમેન અને અધિકારી બંને સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

**‘વાયરમેન કહે છે તે પ્રમાણે ‘વ્યવહાર’ કરી દેજો’, અધિકારી સાથેની ટેલીફોનીક વાતચીત ટેપ : એસીબીએ છટકુ ગોઠવ્યુ પણ શંકા જતાં લાંચ ન સ્વિકારી : ગુનો દાખલ**

# વિધાનસભા ગેટ નં. ૭ પાસે રીક્ષા અને આઈ-૧૦ વચ્ચે અકસ્માત

## સપ્તાહમાં બે અકસ્માતો ફિક્સ : ‘ચ’રોડ પરનો આ કટ સૌથી વધારે જોખમી બન્યો : કટ બંધ કરવા નાગરિકોની માંગ

ગાંધીનગર, તા. ૨૪

પાટનગરના રસ્તાઓ અકસ્માતોનું ઘર બનતા જાય છે. સેક્ટરોમાં પ્રવેશ માટે મુકાયેલ કટના કારણે અનેક લોકો મોતના મુખમાં ધકેલાય છે. ચ-રોડ પર આજે બપોરના સમયે વિધાનસભા ગેટ નં. ૭ પાસે રીક્ષા અને આઈ-૧૦ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષાનો ભુક્કો થઈ જવા પામ્યો હતો. સપ્તાહમાં બે વાર આ જગ્યાએ અકસ્માતો થાય છે. આ કટને બંધ કરવાની માંગ ઉઠવા પામી છે.

શહેરના ચ-રોડ પર વિધાનસભા ગેટ નં. ૭ પાસે આજે બપોરના સમયે રીક્ષા અને આઈ-૧૦ કાર વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે રીક્ષાનો કડુસલો વળી જવા પામ્યો હતો. સદ નશીબે કોઈ જાનહાની થવા પામી નથી.

અકસ્માતમાં રીક્ષાચાલકને ગંભીર ઈજાઓ થવા પામી છે. રીક્ષાચાલકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ એજ જગ્યા છે જ્યાં એક અઠવાડિયામાં બે અકસ્માતો ફિક્સ થઈ ગયા છે. ત્યારે પુનઃ આ કટને બંધ કરવાની માંગ ઉઠી છે.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં પ્રવેશ માટે ચાર પ્રવેશદ્વારો મુકવામાં આવ્યા છે તેવી જ રીતે અલગ અલગ જગ્યાએ રોડ ઉપર પ્રવેશ માટે કટ મુકવામાં આવ્યા છે. આ કટના કારણે શહેરમાં અનેકની જીંદગી અકસ્માતોમાં હોમાઈ છે. તેમજ અનેક લોકો વિકલાંગતાનો ભોગ બન્યા છે.

શહેરના સેક્ટરોમાં પ્રવેશ માટે વન-વે કરવાની વાત એક સમય માટે ચાલી હતી. પરંતુ આ આખી વાતને અભેરાઈએ ચડાવી દેવામાં આવી છે. શહેરના પ્રવેશ માટે સર્કલ ટુ સર્કલ પ્રવેશ કરવામાં આવે તો ટ્રાફિક અને અકસ્માતોનું સરળ સમાધાન થઈ શકે છે.


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ઉલ્લેખનીય છે કે ચ-રોડ પરનો આ કટ ભોગીલો બની ગયો છે. અનેક અકસ્માતો અહિંયા થાય છે. ત્યારે તંત્ર આ બાબતે ગંભીર બને અને નિરીક્ષણ કરી આ કટને બંધ કરે તો અકસ્માતો ઘટાડી શકાય છે. આ જગ્યા પર કેટલાય લોકોના લોહી વહ્યા છે. ત્યારે નાગરિકોની માંગ ઉઠી છે કે આ કટને બંધ કરવામાં આવે.

# શહેરમાં ઘેર ઘેર ઘઉં ભરવાની પ્રવૃત્તિ અંતિમ તબક્કામાં, ગરમી વિલન બની

## કમોસમી વરસાદથી ઘઉંના પાકને થયેલી અસરો ભાવ પર પડી, ખરીદશક્તિમાં નોંધાયેલો ઘટાડો

ગાંધીનગર, તા. ૨૪

ઉનાળાની સિઝન તેની ચરમસીમાએ પહોંચી છે અને લોકો ગરમીથી છુટકારો મેળવવા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. પરંતુ તે પહેલાં ઘરમાં સિઝનના ઘઉં ભરી લેવાની પ્રવૃત્તિમાં નગરમાં અંતિમ તબક્કે પહોંચી છે. હાલમાં ઘઉંની ખરીદી માટે બજારમાં ગૃહીણીઓ નજરે પડી રહી છે. જો કે ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે ભાવમાં નોંધપાત્ર વધારો થતાં લોકોએ પોતાની ખરીદીમાં કાપ મુકી જરૂરિયાતને જ ધ્યાને લીધી હોય તેવું વેપારીઓ જણાવી રહ્યા છે. કમોસમી વરસાદે ઘઉંના પાકને ખાસ્સી અસરો પહોંચાડી છે જે કારણે ઘઉંનો સારો ઉતારો થઈ શક્યો નથી અને ક્વોલીટીફેર પણ થયેલો છે છતાં વર્ષ દરમ્યાનના ઘઉં ચકાસીને ભરાઈ રહ્યા છે.


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

રાજ્યમાં ઘઉંનો મબલખ પાક થયો હોવા છતાં યોગ્ય ક્વોલીટી ધોરણ અને ઉતારાને ધ્યાને લેતા મનપસંદ ઘઉ ન મળવાનો અફસોસ ગૃહીણીઓ વ્યક્ત કરી રહી છે. ચોમાસાના બારણે ટકોરા પડી રહ્યા છે ત્યારે નગરમાં ગૃહીણીઓ સમયસર ઘઉં ભરી લેવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત બની છે. ઘેર ઘેર ચાલી રહેલી ઘઉં ભરવાની પ્રક્રિયામાં ઘઉંને ચાળવા, મોંઈ લેવા અને નક્કી સાધનમાં ભરી લેવા એ મુખ્યત્વે બન્યું છે. ઘઉંના પાક દરમ્યાન કમોસમી વરસાદ થતાં ઘઉંની ગુણવત્તામાં ફરક પડ્યો છે. પરંતુ ગત વર્ષ કરતાં ઘઉંના ભાવમાં વધારો જોવા મળ્યો છે. જુદી જુદી જાતના ઘઉં પ્રમાણે ભાવ પડ્યા છે. જેમાં ચાલુ વર્ષે ભાલીયા ઘઉં ઓછા જોવા મળી રહ્યા છે. બજારમાંથી દર વર્ષે બે થી ત્રણ બોરી ઘઉં ખરીદ કરતાં લોકો ચાલુ વર્ષે જરૂરિયાત મુજબ ઘઉં ખરીદ કરી રહ્યા છે જેથી ખરીદ શક્તિમાં નોંધપાત્ર ઘટાડો વેપારીઓ વર્ણવી રહ્યા છે.

રૂ. ૨૧૦૦ થી શરૂ થઈને રૂ. ૩૦૦૦ થી વધુ સુધીના ઉચ્ચ ક્વોલીટીના ઘઉં બજારમાં ઉપલબ્ધ છે જો કે હાલ આ ખરીદી અંતિમ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. એક માસ અગાઉથી જ ઘઉંની શરૂ થયેલી ખરીદી પછી લગભગ મોટા ભાગે ઘઉ ભરાઈ ગયા છે. જો કે ઘઉં ભરવાની પ્રવૃત્તિમાં હાલ કાળઝાળ ગરમી વિલન બની રહી છે. મહેનત માંગી લે તેવી આ પ્રવૃત્તિમાં ગૃહીણીઓ પરસેવે રેબઝેબ બની રહી છે. ઘણા શ્રીમંત ઘરોમાં આ પ્રવૃત્તિ માટે માણસો રાખી કામ કરી લેવાય છે. વધુમાં ઘઉંના ટકાઉપણાં અને જીવાત ન પડે તે હેતુથી દિવેલથી મોંઈ લેવાય છે અને મોંયેલા ઘઉંની રોટલી, ભાખરી પણ શ્રેષ્ઠ બનતી હોવાનું ગૃહીણીઓ જણાવી રહી છે.

# સેક્ટર-૪માં રહેતા યુવાને પોતાના ઘરે ફાંસો ખાઈ લીધો

## ૩૦ વર્ષીય યુવાને કરેલા આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૪-સી ખાતે રહેતા ૩૦ વર્ષિય યુવાને ગઈ મોડી સાંજે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી નાંખી હતી. પોલીસને ઘટનાની જાણ થતાં સે. ૭ પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત કરવા પાછળનું રહસ્ય બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૪-સી પ્લોટ નં. ૩૭૭/૨ ખાતે રહેતા ૩૦ વર્ષિય યુવાન વનરાજ રામસિંહ સિંધવ ગઈકાલે સાંજના અરસામાં પોતાના ઘરે એકલો હતો તે દરમ્યાન એકાંતમાં પોતાના રૂમમાં જ ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતા પરિવારજનો તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. સેક્ટર-૭ પોલીસમથકના પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ અકસ્માત મોતનો ગુનો નોંધી યુવાને આપઘાત કયા કારણોસર કર્યુ તે બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું ચોક્કસ કારણ બહાર આવી શક્યુ નથી.

# ઈસનપુર મોટા ગામની યુવતી ગુમ

ચિલોડા, તા. ૨૪

ઈસમપુર મોટા ગામના સુરેશભાઈ સોમાભાઈની ૨૪ વર્ષીય દિકરી બંસીબેન ૧૮મીના રોજ સવારે બહેનપણીના ઘરે જવાનું કહી નીકળી હતી તે સાંજ સુધી પરત ન આવતા પરિવારે ભારે શોધખોળ આદરી હતી. છતાં આજ દિન સુધી તેણીનો પત્તો ન લાગતા યુવતીના પિતાએ ચિલોડા પોલીસમાં અરજી કરી છે.

યુવતી મધ્યમ બાંધાની, રંગે ઘઉંવર્ણી, ઉંચાઈ ૫ ફૂટ, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા જાણે છે તેમજ આછા લીલાકલરનો ડ્રેસ પહેરેલ હતો. આ વર્ણન આધારે કોઈને આ યુવતી ધ્યાને આવે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાવમાં આવ્યું છે.

# CBSE ધોરણ-૧૨ના આજે પરિણામની શક્યતા

અમદાવાદ, તા.૨૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની ધોરણ-૧૨ની પરીક્ષાનું પરિણામ આવતીકાલ જાહેર કરવામાં આવે તેવી પુરી શકયતા છે. ૧૦,૪૦,૩૬૮ વિદ્યાર્થીઓએ આ ધોરણ-૧૨ની પરીક્ષા આપી હતી. જેઓમાં પરીણામે લઈને ભારે આતુરતા જોવા મળી રહી છે. જ્યારે ધોરણ-૧૦નું પરિણામ ૨૭મેના રોજ જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૧૩,૭૩,૫૮૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષામાં ૧૦,૪૦,૩૬૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ આતુરતા પૂર્વક પરીણામોની રાહ જોઈ રહ્યા છે ત્યારે સીબીએસઈના ઉચ્ચ સ્તરીય સુત્રો તરફથી મળતી માહીતી મુજબ સીબીએસઈ ધોરણ-૧૨નું પરીણામ આવતીકાલે સાંજ સુધી જાહેર કરી દેવામાં આવે તેવી પુરી શકયતા છે. સીબીએસઈની વેબસાઈડ ઉપર આ પરીણામ જાહેર કરલાની જગ્યાએ બે અથવા ત્રણ ફેસમાં જાહેર કરવામાં આવે તેવી પણ શકયતા છે. જેમાં ચેન્નાઈ ઝોનનું પરીણામ પ્રથમ જાહેર કરવામાં અવાશે ત્યાર બાદ પટણા અને ભુવનેશ્વર ઝોનનું પરીણામ જાહેર કરવામાં આવે છે અને અંતે ઓલ ઈન્ડીયાનું પરીણામ જાહેર કરવામાં આવશે આ વર્ષ સીબીએસઈ બોર્ડની સંખ્યામાં ૩.૩૭ ટકાનો વધારો નોધાયો હતો. ત્યારે આ વખતે પરીણામની ટકાવારીમાં પણ વધારો નોંધાયો તેવી અટકળો લગાવવામાં આવી રહી છે. બીજુ બાજુ સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦નું પરીણામ ૨૭મેના રોજ જોહાર કરવામાં આવે તેવી પ્રબળ શકયતા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૭**
**સૂર્યાસ્ત : ૭.૧૯**

## તાપમાન

**મહત્તમ : ૪૨.૬ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૩ ટકા ● સાંજે ૨૫ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦

બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**

પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**

બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦

પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**

મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫

મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

ગબ્બર ઈસ બેક : ૭.૦૦

પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**

બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦

પીકુ : ૬.૪૫

ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ગમનભાઈ ધરાભાઈ ઉમરાવ (ઉ.વ.૪૯) બ્લોક નં. ૧૧૫/૨, ચ-ટાઈપ, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. વનરાજભાઈ સમજીભાઈ સિંધવ (ઉ.વ.૩૦) પ્લોટ નં. ૩૦૦/૨, સેકટર-૪બી, ગાંધીનગર
- સ્વ. વાળંદ મહેશભાઈ મનુભાઈ (ઉ.વ.૪૩) પ્લોટ નં. ૭૭૦, સોમેશ્વરી સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર
- વસુંધરાબેન પદ્મસિંહ થાપા (ઉ.વ.૬૬) સંત નિરંકારી ભવન, છાપરાં, સે-૩૦, ગાંધીનગર